ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

સમયસર ટ્રીમીંગના અભાવે અનેક વૃક્ષો પડી જવાનું જોખમ

કોઈના જાન-માલનું નુકશાન બચાવવા વરસાદ પહેલા ટ્રીમીંગની જરૂરિયાત : સે-૨૪ પાસે પાઈપલાઈન માટે વૃક્ષોના થડ-મૂળ પાસે જ ખોદકામ કરાતા જોખમ વધ્યું

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં ચોમાસાના વરસાદે પ્રારંભિક રાઉન્ડ બાદ વિરામ લીધો છે. નગરમાં ફરી ચોમાસું ગમે તે ઘડીએ ચાલુ થઈ શકે તેમ છે. તેવી પરિસ્થિતિમાં વનવિભાગ દ્વારા વૃક્ષોનું ટ્રીમીંગ કરવામાં હજુ પણ આળશ સેવાઈ રહી હોય તેવું લાગી રહ્યું છે. નગરના માર્ગોની આસપાસ જોખમી વૃક્ષોનું વરસાદ પહેલા યોગ્ય ટ્રીમીંગ કરવું જરુરી છે. બીજી તરફ સે-૨૪ પાસે ગ માર્ગ પર પાઈપ લાઈન નાંખવા કરાયેલ ખોદકામ પણ વૃક્ષોના મૂળ પાસેથી કરાયું છે જેથી આગામી વરસાદમાં આ વૃક્ષો પડી જવાનો ખતરો પેદા થયો છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

વૃક્ષો એ પાટનગરની ઓળખ છે પરંતુ નગરમાં અસંખ્ય વૃક્ષો એટલા જોખમી બની ગયા છે કે ચોમાસાના સમયે વાવાઝોડા વંટોળ સાથે પડતા વરસાદમાં પડી જવાનો ભય સેવાઈ રહ્યો છે. આ સંજોગોમાં કોઈ જાનહાનિ કે વાહન અથવા અન્ય નુકશાન ન થાય તે માટે વૃક્ષોનું ટ્રીમીંગ કરી તેને પડતા અટકાવી શકાય છે.

● અનુસંધાન પાન-૭ પર

સાંજ ઢળતાં જ ગ્રામ્ય વિસ્તારમાં સન્નાટો

ધંધા-રોજગાર ઉપર પણ વિપરિત અસર : રાત્રિના ૧૧ કલાકે બંધ થતી દુકાનોને સાંજ ઢળતા જ તાળા વાગી જાય છે. પેટ્રોલ પંપ પર પણ કોઇ વાહનો આવતા નથી

ગાંધીનગર તા ૩

ગાંધીનગર જિલ્લામાં ચોર લુંટારાઓ ફરતા હોવાની અફવાઓએ ગ્રામ્ય વિસ્તારમાં આતંક મચાવ્યો છે. જેના પરિણામે ફેલાયેલા અદ્રશ્ય ભયના માહોલ વચ્ચે ગ્રામજનો રાત્રિના ઉજાગરા કરી રહયા છે.આ પરિસ્થિતિમાં રાત્રિના સમયે આસપાસના ગામોમાં જવાનું પણ જોખમી બન્યુ હોવાનો સુર ઉઠવા પામ્યો છે.બીજીતરફ ભયના ઓથા હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં ધંધા રોજગાર પણ મંદા પડી ગયા છે.સાંજ ઢળતા જ દુકાનોને પણ તાળા વાગી જાય છે. ગામડાઓમાં સન્નાટો છવાઇ જાય છે.

શહેર આસપાસના ગામોમાં ચોર લુંટારાઓની ટોળકી ફરતી હોવાની અફવાથી ગ્રામ્ય વિસ્તારમાં ભયનો માહોલ છવાયો છે.સમગ્ર જિલ્લો અફવાઓની ગિરફતમાં આવી ગયો છે.રોજબરોજ નતનવી વાતો સાંભળવામાં આવે છે. અફવાના આતંક વચ્ચે ભયભીત ગ્રામજનો પણ રાતના ઉજાગરા કરી ચોર લુંટારાથી પોતાના પરિવારજનોને સુરક્ષા પુરી પાડતા હોવાના ચિત્રો આંખ સામે મંડરાયા છે. આસપાસના મોટાભાગના ગામોમાં રાત્રિનો ઉજાગરો કાયમી બને છે. ગ્રામજનો સાંજ ઢળતા જ બધા કામ પડતા મુકી હાથમાં લાકડી સાથે ગામની ભાગોળે સ્ટેન્ડ ટુ થઈ જાય છે. જેના પરિણામે ગ્રામ્ય વિસ્તારમાં ધંધારોજગારને પણ વિપરિત અસર થઇ છે. છેલ્લા ૧૫ દિવસથી આ સ્થિતિના લીધે રાત્રિના સમયે અગાઉ ૧૧ વાગ્યા સુધી ખલ્લી જોવા મળતી દુકાનોને સાંજે ૭ વાગે જ તાળા વાગી જાય છે. રૂટમાં આવતા પેટ્રોલપંપ ઉપર પણ રાત્રિના સમયે કોઇ વાહનોની અવર જવર જોવા મળતી નથી.

મનપાના ૧૦૦ કર્મચારીઓને ૬ઠ્ઠા પગારપંચનો લાભ અપાશે

સામાન્ય સભા બાદ સરકારની મંજુરી મળ્યેથી તે જ દિવસથી આ લાભ કર્મચારીઓને મળશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર મહાનગર પાલિકાએ તેના ૧૦૦ કર્મચારીઓને ૬ઠ્ઠા પગાર પંચનો લાભ આપવાનો નિર્ણય કર્યો છે.

સ્થાયી સમિતિની બેઠકને અંતે પત્રકારો સાથેની વાતચીતમાં ચેરમેનશ્રી રાકેશ પટેલે જણાવ્યું હતું કે આ કર્મચારીઓમાં વર્ગ-૨ના ૪ કર્મચારી તેમજ સફાઈ કામદારો-૯૫ છે તેમનો સમાવેશ થાય છે.

પત્રકારોના એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે પગાર ખર્ચને પહોંચી વળવા માટે તંત્રએ આર્થિક ક્ષમતા પ્રાપ્ત કરી લીધી છે. છેલ્લા ત્રણ વર્ષમાં મિલ્કતવેરા અને વ્યવસાવેરાની આવક પેટે રૂ. ૪૯૫૭.૮૫ લાખની આવક મેળવી છે. આ ઉપરાંત ઓકટ્રોયના વળતર પેટે વાર્ષિક રૂ. એક કરોડ જેટલી આવક થાય છે.

શ્રી પટેલે જણાવ્યું હતું કે આ લાભ આપવાને કારણે કોઈ આર્થિક બોજ મનપાને પડશે નહિ. આ દરખાસ્ત સામાન્યસભામાં મંજુરી માટે જશે એ પછી સરકારમાં જશે અને જે દિવસે તે મંજુર થશે ત્યારથી તેની અસર આપવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

એવા ગામો કે જયાં ડર નથી તો ચોર પણ નથી...!

જે ગામોમાં ગ્રામજનો ઉજાગરા કરીને કથિત ચોર-લુંટારા પકડવા મથે છે ત્યાં જ ચોર દેખાયાની બુમો પડે છે અને જયાં બિન્દાસ્ત ગ્રામજનો સુઈ જાય છે ત્યાં એકેય ચોરની બુમ પડી નથી..! આ ભણકારા નથી તો શું છે?

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ચોર લુંટારૂઓની ગેંગની અફવાથી ભયનો માહોલ ફેલાઈ ગયો છે અને કેટલાક ગામોમાં તો ડરના માર્યા ગ્રામજનો એ હથિયારો સાથે રાખીને ઉજાગરા કરવાનું શરૂ કરી દીધું છે. જો કે ચોંકાવનારી બાબત તો એ છે કે જયાં જયાં ગ્રામજનોના ટોળા રાત્રે જાગે છે ત્યાં જ ચોર લુંટારૂ દેખાયો... હાલ ત્યાંથી ભાગ્યો... ઝાડ પર સંતાઈ ગયો છે... છોકરા ઉઠાવી ગયો.. છરી મારીને ભાગી

● અનુસંધાન પાન-૭ પર

સે-૬માં રાત્રે ચોરની અફવા ઉડી

શહેરના મધ્યભાગે સ્થિત સે-૬માં મધરાત્રે બુમાબુમ થઈ ગઈ હતી. ચોર-લુંટારૂ આવી ગયા હોવાની બુમો પાડતા જ-ટાઈપ વિસ્તારમાં નાસભાગ થઈ ગઈ હતી. એટલામાં એક યુવાનને ઈજાગ્રસ્ત જોઈને બુમાબુમ થઈ કે ચોરોએ તે યુવાનને પથ્થર માર્યા પરંતુ તપાસ કરી તો આ થયેલી દોડધામમાં ઘરનો દરવાજો જલ્દીથી ખોલવા જતાં તેને દરવાજો વાગી ગયો હતો. આખરે એક કલાક બાદ સે-૬માં શાંતિ થઈ હતી.

કોંગ્રેસ ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા ૧૫ ઓગસ્ટ પહેલા પૂર્ણ કરશે

ગાંધીનગર, તા.૩

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ માટે ગુજરાત કોંગ્રેસ દ્વારા આગામી ૧૫મી ઓગસ્ટ પહેલા જ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે પ્રદેસ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીની અધ્યક્ષતામાં પ્રદેશ આગેવાનો જિલ્લા નિરીક્ષકો અને જિલ્લા પ્રમુખોની એક મહત્વની બેઠક મળી હતી.

પ્રાપ્ત વિગત મુજબ આગામી દિવસોમાં રાજયની મહાપાલિકાઓ, નગરપાલિકાઓ અને જિલ્લા તાલુકા પંચાયતોની ચૂંટણીઓ માટે ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા ગુજરાત કોંગ્રેસ દ્વારા શરુ કરી દેવામાં આવી છે.

આજની આ બેઠકમાં સ્થાનિક સ્વરાજયની ચૂટણીઓમાં શિક્ષીત યુવાઓ અને મહીલાઓને વધુ પ્રાધાન્ય આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને યુવાનો અને મહિલાઓને વધુ ટીકીટ ફાળવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ હવે પછી જિલ્લા કક્ષાએ બેઠકો યોજાશે અને જિલ્લા નિરીક્ષકો જિલ્લા પ્રમુખો સ્થાનિક કાર્યકર્તાઓની રજુઆતો

● અનુસંધાન પાન-૭ પર

વિવાદિત મહેસુલી તલાટીની પરીક્ષા આખરે રદ

રાજ્ય સરકારે અનેક રજૂઆતોને ધ્યાને લઈ નિર્ણય લીધો : આગામી સમયમાં ૨૪૦૦ જગ્યાઓ માટે ભરતી હાથ ધરાશે : પરીક્ષા પાસ વયમર્યાદા વટાવી ચુકેલા ઉમેદવારોને ખાસ કિસ્સામાં બેસવા દેવાશે

ગાંધીનગર, તા. ૩

દોઢ વર્ષ પૂર્વે પ્રકાશમાં આવેલા તલાટી કૌભાંડે સમગ્ર રાજ્યમાં હાહાકાર મચાવ્યો હતો. તલાટીની ભરતી પ્રક્રિયાની પરીક્ષામાં ભ્રષ્ટાચારે ભરડો લીધો હોવાનુ પ્રકાશમાં આવતા સ્પર્ધાત્મક પરીક્ષાઓની પારદર્શકતા સામે મસ મોટો પ્રશ્ન સર્જાયો હતો. આખરે લાંબા અરસા બાદ આ મામલે સરકારે નવેસરથી ભરતી પ્રક્રિયા હાથ ધરવાનો નિર્ણય લીધો છે. મહેસૂલી તલાટીની પરીક્ષાને લગતી તમામ કાર્યવાહી મુળ અસરથી રદ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા બીજા વર્ષની ૯૦૦ સહિત કુલ તલાટીની ૨૪૦૦ જગ્યાઓની ભરતી પ્રક્રિયા પણ હાથ ધરવા નિર્ણય લેવાયો છે.

રાજ્યમાં મહેસુલી તલાટી માટે મહેસુલ વિભાગ દ્વારા ગત ૧૬ ફેબ્રુ.૨૦૧૪ના રોજ પરીક્ષા લેવામાં આવી હતી પરંતુ પરીક્ષાના આગળના જ દિવસે આ પરીક્ષાને ભ્રષ્ટાચાર ચંપાવત પ્રકરણનું ગ્રહણ લાગી ગયું હતું. જેના કારણે અનેક ઉમેદવારોની તલાટી બનવાની આશાઓ રોળાઈ હતી. રાજ્યમાં ૧૫૦૦ મહેસૂલી તલાટીઓની ઘટ પુરવા માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પરીક્ષા પૂર્વે જ કલ્યાણસિંહ ચંપાવત દ્વારા રૂ. ૧૦-૧૦ લાખ લઈ સેટીંગ કરવાનું સમગ્ર કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. આથી અનેક ઉત્સાહી અને મહેનતુ ઉમેદવારોએ આ મામલે અનેક લેખિત ફરિયાદો કરી હતી. પરિણામે આખરે રાજ્ય સરકારે ફરિયાદોમાં તથ્ય જણાતા ૧૮મા મહિને પરીક્ષા

● અનુસંધાન પાન-૭ પર

નાગરિક બેંકની ચૂંટણીનું આજે ચિત્ર સ્પષ્ટ થશે

૧૩ બેઠકો માટે ૨૩ ઉમેદવારો : મહિલા અનામત કક્ષામાં ૧૦ ફોર્મ ભરાયા જેમાંથી ૯ પરત ખેંચાયા જયારે એક ફોર્મ નામંજુર થતા ચુંટણી મેદાનમાં એક પણ મહિલા નહી

ગાંધીનગર તા ૩

ગાંધીનગર નાગરિક બેંકના બોર્ડ ઓફ ડીરેકટરની ચુંટણીને અનુલક્ષી આજે ઉમેદવારોનુ ચિત્ર સ્પષ્ટ થઈ જશે. જો કે હાલની સ્થિતિએ કુલ ૨૩ ઉમેદવારો મેદાનમાં છે. જયારે મહિલા અનામત કક્ષામાં ૧૦ ઉમેદવારી પત્રો ભરાયા હતા જેમાંથી ૯ પરત ખેંચાયા બાદ અન્ય એક ફોર્મ પાછુ ખેંચાતા ચુંટણી મેદાનમાં એક પણ મહિલા ઉમેદવાર રહયા નથી.

ગાંધીનગર નાગરિક બેંકની ચુંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી રહયા હોવાથી ચુંટણીલક્ષી ઉત્તેજના વધુ પ્રબળ બનતી જાય છે. જયારે ઉમેદવારી પત્રો ભરવાના તબક્કા બાદ અગાઉ ૪૮એ આ ચુંટણીને અનુલક્ષી ઉમેદવારી નોંધાવી હતી.જયારે ફોર્મ પરત કરવાની પ્રક્રીયા દરમિયાન હાલના તબક્કે માત્ર ૨૩ ઉમેદવારો મેદાનમાં છે. આ પૈકી ૧૩ વર્તમાન ડીરેકટર હોવાનુંપણ સ્પષ્ટ થયુ છે. જેમાં અશોકકુમાર રણછોડદાસ પટેલ, અશોકભાઈ હીરાભાઈ પટેલ, ઘનશ્યામ કાન્તિલાલ પટેલ, ચંન્દ્રકાન્ત ચુનીલાલ પટેલ, જયંતિલાલ નાથાલાલ પટેલ, જયંતિલાલ મોહનલાલ પટેલ, નરેન્દ્રભાઈ મુળજીભાઈ શાહ, પ્રવિણભાઈ ડાહ્યાભાઈ પટેલ, મનુભાઈ ભીખાભાઈ પટેલ, લાલસિંહ કીશોરજી વાઘેલા, વિક્રમકુમાર કેશવલાલ પટેલ, વિપુલ રમેશભાઈ પટેલ, હિમાંશુ વિઠ્ઠલભાઈ પટેલનો સમાવેશ થાય છે. જયારે આ ઉપરાંત અશોકભાઈ ગોપાળદાસ

● અનુસંધાન પાન-૭ પર

આઉટસોર્સીંગના કર્મચારીઓને વેતન ચુકવવાની દરખાસ્ત નામંજૂર કરતી સ્થાયી સમિતિ

વિવાદ ઘેરો બન્યો : આઉટ સોર્સિંગ એજન્સીની મુદત ત્રણ માસ માટે વધારી દેવામાં આવી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકાના આઉટ સોર્સિંગ કામદારોને વેતન ચુકવવાની કમિશનરની દરખાસ્તને આજે સ્થાયી સમિતિએ ફગાવી દેતાં આ વિવાદ વધુ ઘેરો બન્યો છે.

સ્થાયી સમિતિના ચેરમેન શ્રી રાકેશ પટેલની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. એજન્સીની મુદત પૂર્ણ થઈ ગયા બાદ એજન્સીના કર્મચારીઓને ચાલુ રાખવાના નિર્ણયે થયેલા વિવાદ પછી આ કર્મચારીઓને કમિશનરશ્રી દ્વારા વેતન પણ રૂ. ૧૪ લાખ જેટલુ ચુકવી દેવામાં આવ્યુ છે. આજે કમિશનરશ્રીએ આ અંગેની દરખાસ્ત સ્થાયી સમિતિને કરી હતી.

સ્થાયી સમિતિએ એજન્સીની મુદત વધુ ત્રણ માસ વધારી આપવાની સહમતિ દર્શાવી છે તેમજ આ માટેની ટેન્ડર પ્રક્રિયા પણ ૩૧ ઓગષ્ટ સુધીમાં પૂર્ણ કરવા માટે કમિશનરશ્રીને કડક તાકીદ કરી છે.

જે ખર્ચ કોર્પોરેશનને થયો છે તેની વસુલી થશે કે કેમ ? તેને લઈ શ્રી પટેલે પત્રકારોના પ્રશ્નમાં મૌન સેવ્યુ હતુ.

જો કે મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હવે ખાલી

● અનુસંધાન પાન-૭ પર

જાહેર નિવિદા

e-auction / જાહેર હરાજી

ગાંધીનગર શહેરી વિસ્તારના નીચે જણાવેલ દુકાનો / ડૉક્ટર હાઉસ / કોર્પોરેટ હોસ્પિટલ / વાણિજ્ય હેતુ / રહેણાંકના હેતુ માટેના સરકારી પ્લોટોની **e-auction** / જાહેર હરાજી કરવા અત્રેના તા. ૧૯/૩/૨૦૧૫ના જાહેરનામા નં. જફા/યુ.અ./હરાજી/ વશી.૫૧૯/૨૦૧૫ થી જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે મુજબ **e-auction** વેબસાઈટ **http://www.auction.nprocure.com** પર કરવામાં આવશે. **e-auction** અંગેની અન્ય વિગતો / શરતો અને જોગવાઈઓ **www.nprocure.com** વેબસાઈટ ઉપર તથા અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર કચેરી સમય દરમિયાન જોઈ શકાશે. **e-auction** માં ભાગ લેવા માટેનું નિયત અરજી ફોર્મ જમીન ફાળવણી શાખા, કલેક્ટર કચેરી, ગાંધીનગરની કચેરી અથવા ઉપરની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી પ્રિન્ટ મેળવી શકાશે.

ઈ-ઓક્શનની પ્રસિદ્ધિ અંગેની વિગત

અ.નં.	તારીખ	વાર	વિગત	રીમાર્કસ
૧	૮/૭/૨૦૧૫	બુધવાર	તળિયાની કિંમતના ૧૦% ડીપોઝીટ જમા કરાવવાની કાર્યવાહી અને રજીસ્ટ્રેશન કાર્યવાહી પૂર્ણ કરી ડીઝીટલ સીગ્નેચર મેળવવાની કાર્યવાહી	કામકાજના દિવસો જુલાઈ - ૮, ૯, ૧૦, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬
૨	૯/૭/૨૦૧૫	ગુરૂવાર		
૩	૧૦/૭/૨૦૧૫	શુક્રવાર		
૪	૧૩/૭/૨૦૧૫	સોમવાર		
૫	૧૪/૭/૨૦૧૫	મંગળવાર		
૬	૧૫/૭/૨૦૧૫	બુધવાર		
૭	૧૬/૭/૨૦૧૫	ગુરૂવાર		

અ નં.	ઈ-હરાજીની તારીખ	સમય	સેક્ટર	પ્લોટ નંબર	ક્ષેત્રફળ ચો.મી	ઉપયોગનો હેતુ
૧	૨	૩	૪	૫	૬	૭
હરાજીનો સમય ૧૦ મીનીટનો છે અને બોલી તા. ૧-૫-૨૦૧૫ના રોજ થયેલ હરાજીની છેલ્લી બોલીથી બોલવાની રહેશે.						
૧	૨૪/૭/૨૦૧૫	૯.૩૦થી ૯.૪૦	૨	૨૦૨૮	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૨				૨૦૨૯	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૩				૨૦૩૦	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
ઈ-હરાજીનો સમય ૪૫ મીનીટનો છે. જો છેલ્લી ૨ મીનીટમાં બીડ નાંખવામાં આવશે તો હરાજી ૫ મીનીટ માટે આપોઆપ લંબાઈ જશે, પરંતુ આવું ત્રણ જ વાર શક્ય બનશે.						
૪.		૧૦.૦૦થી ૧૦.૪૫	૫	૧૭૫૨	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૫				૧૭૫૩	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૬				૧૭૫૪	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૭				૧૭૫૫	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૮				૧૭૫૬	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૯		૧૧.૦૦થી ૧૧.૪૫	૫	૧૭૫૭	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૧૦				૧૭૫૮	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૧૧				૧૭૫૯	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૧૨			૪	૧૪૨૯	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૧૩				૧૪૩૦	૬૨.૫	વાણિજ્ય/દુકાનો
૧૪		૧૨.૦૦થી ૧૨.૪૫	૬	૧૫૫૨	૧૫૦	વાણિજ્ય
૧૫				૧૨૮૨	૮૪૦	હોસ્પિટલ (ડૉક્ટર હાઉસ)
૧૬				૧૨૮૩	૧૦૦૦	હોસ્પિટલ (ડૉક્ટર હાઉસ)
૧૭				૧૨૮૫	૧૦૦૦	હોસ્પિટલ (ડૉક્ટર હાઉસ)
૧૮				૧૩૫૧	૫૦૦૦	હોસ્પિટલ (ડૉક્ટર હાઉસ)
૧૯		૧૩.૦૦થી ૧૩.૪૫	૨૩	૭૪૩	૬૪૬.૧૨	હોસ્પિટલ (ડૉક્ટર હાઉસ)
૨૦				૭૪૪	૬૪૬.૧૨	હોસ્પિટલ (ડૉક્ટર હાઉસ)
૨૧				૭૪૫	૬૪૬.૧૨	હોસ્પિટલ (ડૉક્ટર હાઉસ)
૨૨			૧૧	૨૩	૧૦૦૦	વાણિજ્ય
૨૩				૨	૧૦૦૦	વાણિજ્ય
૨૪				૩	૧૦૦૦	વાણિજ્ય
૨૫		૧૪.૩૦થી ૧૫.૧૫	૨૨	૨૭૫	૧૦૭૨.૩૩	રહેણાંક/ફ્લેટ
૨૬				૨૭૮	૧૦૨૦.૩૩	રહેણાંક/ફ્લેટ
૨૭				૨૭૯	૭૦૦	રહેણાંક/ફ્લેટ
૨૮				૨૮૦	૧૩૯૧	રહેણાંક/ફ્લેટ
૨૯			૨૮	૪૫૩/૧	૨૦૦	રહેણાંક
૩૦				૪૫૩/૨	૨૦૦	રહેણાંક
૩૧				૪૫૪/૧	૨૦૦	રહેણાંક
૩૨				૪૫૪/૨	૨૦૦	રહેણાંક
૩૩				૪૫૫/૧	૨૦૦	રહેણાંક
૩૪		૧૫.૩૦થી ૧૬.૧૫	૨૮	૪૫૫/૨	૨૦૦	રહેણાંક
૩૫				૪૫૬/૧	૨૦૦	રહેણાંક
૩૬				૪૫૬/૨	૨૦૦	રહેણાંક
૩૭			૨૩	૫૭૩/એ-૨	૨૦૦	રહેણાંક
૩૮				૫૭૪/૧	૨૦૦	રહેણાંક
૩૯				૫૭૪/૨	૨૦૦	રહેણાંક
૪૦				૫૭૪/એ-૧	૨૦૦	રહેણાંક
૪૧				૫૭૪/એ-૨	૨૦૦	રહેણાંક
૪૨				૫૭૫/૧	૨૦૦	રહેણાંક
૪૩		૧૬.૩૦થી ૧૭.૧૫	૨૩	૫૭૫/૨	૨૦૦	રહેણાંક
૪૪				૫૭૫/એ-૧	૨૦૦	રહેણાંક
૪૫			૩૦	૫૯૯/૧	૨૦૦	રહેણાંક
૪૬				૫૯૯/૨	૨૦૦	રહેણાંક
૪૭				૬૦૦/૧	૨૦૦	રહેણાંક
૪૮				૬૦૦/૨	૨૦૦	રહેણાંક
૪૯				૬૦૧/૧	૨૦૦	રહેણાંક
૫૦				૬૦૧/૨	૨૦૦	રહેણાંક
૫૧				૬૦૨/૧	૨૦૦	રહેણાંક
૫૨		૧૭.૩૦થી ૧૮.૧૫	૩૦	૬૦૩/૧	૨૦૦	રહેણાંક
૫૩			૨૧	૫૧૫/૨	૧૩૫	રહેણાંક
૫૪				૫૦૩/૨	૧૩૫	રહેણાંક
૫૫				૫૦૪/૨	૧૩૫	રહેણાંક
૫૬				૫૧૩/૧	૧૩૫	રહેણાંક
૫૭				૫૧૪/૧	૧૩૫	રહેણાંક
૫૮			૨૩	૫૭૩/૧	૨૦૦	રહેણાંક
૫૯				૫૭૩/૨	૨૦૦	રહેણાંક
૬૦				૫૭૩/એ-૧	૨૦૦	રહેણાંક
૬૧		૧૮.૩૦થી ૧૯.૧૫	૨૩	૫૭૫/એ-૨	૨૦૦	રહેણાંક
૬૨				૫૭૬/૧	૨૦૦	રહેણાંક
૬૩				૫૭૬/૨	૨૦૦	રહેણાંક
૬૪			૩૦	૫૯૬/૧	૨૦૦	રહેણાંક
૬૫				૫૯૬/૨	૨૦૦	રહેણાંક
૬૬				૫૯૭/૧	૨૦૦	રહેણાંક
૬૭				૫૯૭/૨	૨૦૦	રહેણાંક
૬૮				૫૯૮/૧	૨૦૦	રહેણાંક
૬૯				૫૯૮/૨	૨૦૦	રહેણાંક

નોંધ : પ્લોટના ક્ષેત્રફળમાં વધઘટ થઈ શકે છે.

માહિતી/૮૨૦/૨૦૧૫-૧૬

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

National Productivity Council

(Under Ministry of Commerce and Industry, Government of India)
E – 5, GIDC Electronic Estate, Sector 26, Gandhinagar, Gujarat – 382 028
http://www.npcindia.gov.in Tel: (079) 23277344 - 45

TENDER NOTICE FOR DISPOSAL OF SCRAP

National Productivity Council (NPC), Gandhinagar intends to **dispose of Scrap Items** under the categories

1. Computer & Electronics (Lot of 26 items),
2. Electrical (Lot of 9 items),
3. Furniture (Lot of 33 items), and,
4. Condemned vehicle (One Tempo traveler)

on ***"As is Where is"*** basis. Bid may be placed for any or all categories. Interested parties may take Tender Document & quotation format, free of cost from NPC office or down load from http://www.npcindia.gov.in/tenders-and-notices/ . The last date for submission of Quotation is 07.08.2015.

Head (RPMG) and Director

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com